ગાંધીનગર સમાચાર

નેપાળ ધરતીકંપમાં મોતનો આંકડો વધીને ૪૦૦૦

કાઠમાંડુ,તા. ૨૭

સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના શનિવારના ભૂંકપમાં મોતનો આંકડા હજુ વધી રહ્યો છે. શનિવારના ધરતીકંપમાં હવે મોતનો આંકડો ૪૦૦૦ સુધી પહોંચી ગયો છે અને ઘાયલોની સંખ્યા ૧૦૦૦૦થી પણ વધુ હોવાનું જણાઈ રહ્યું છે. નેપાળના ગૃહ વિભાગ દ્વારા આ અંગેની માહિતી જારી કરવામાં આવી છે. બીજીબાજુ નેપાળના અધિકારીઓને ટાંકીને સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, નેપાળમાં કેટલાક સૌથી ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં બચાવ ટુકડી પહોંચી શકી નથી આનો મતલબ એ થયો કે મોતનો આંકડો પાંચ હજારથી પણ ઉપર પહોંચી શકે છે. હજુ પણ કાટમાળ હેઠળથી મોટી સંખ્યામાં મૃતદેહો મળી રહ્યા છે. બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરી દેવામાં આવી છે. દરમિયાન આંચકાનો દોર જારી રહ્યો છે. જેથી લોકોને રાહત મળી રહી નથી. તેમની દહેશત પણ યથાવત રહી છે. આંચકાઓના દોર વચ્ચે મોતનો આંકડો વધીને ૪૦૦૦થી ઉપર પહોંચી ગયો હતો. હજુ મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. કારણ કે અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેટળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. હજુ લોકો સમગ્ર રાત્રી જાગીને ગાળી રહ્યા છે. શનિવારે આવેલા ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૬૦ આંચકા આવી ચુક્યા છે. આંચકાઓ સતત જારી રહેતા લોકોની હાલત કફોડી બનેલી છે. નેપાળમાં ગઈકાલે વિનાશકારી ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.જેમાં પાટનગર કાઠમાન્ડુમાં સ્તિત ધરહરા મીનાર અને લોકપ્રિય દરબાર સ્કેવેયર સહિતના સ્થળનો સમાવેશ થાય છે. નેપાળમાં બારપક લારપક વિસ્તારમાં આશરે એક હજાર મકાનમાંથી ૯૦ ટકા મકાન કાટમાળમાં ફેરવાઈ ગયા છે. ભક્તપુર, લલિતપુર, ધદિંગેમાં સૌથી વધારે લોકોના મોત થયા છે. પાટનગર કાઠમાન્ડુ પણ કાટમાળમાં ફેરવાઈ ગયુ છે. કાઠમાન્ડુ ખીણની મોટા બાગની ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ચુકી છે.જેમાં સેંકડો લોકોના મોત થાય છે. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. શનિવારે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફટરશોક્સનો દોર જારી રહ્યો હતો જેના પરિણામ સ્વરુપે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવમાં આવ્યા હતા. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.જેને હવે સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે હજુ સમય લાગી શકે છે. ભૂંકપના કારણે મોટી ઈમારતો અને ધાર્મિક સ્થળો ધરાશાયી થઈ ગયા હતા. સાથે માર્ગોમાં પણ મોટી તિરાડો પડી ગઈ હતી . નેપાળમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

બેથી ત્રણ મિનિટ સુધી પ્રચંડ આંચકો લોકોએ અનુભવ્યો હતો. ભૂકંપના એક પછી એક આંચકાના કારણે લોકો ઘરની બહાર જ રહ્યા હતા. શનિવારે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત આંચકા પ્રચંડ તીવ્રતા સાથે સૌથી પહેલા નોંધાયા હતા. જેના કારણે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. મિનિટોના ગાળામાં જ હજારો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી.ઘાયલ થયેલા લોકો અને ઘરવગરના થયેલા લોકોને પુરતી મદદ કરવામાં આવી રહી છે. ભારતે ઓપરેશન મૈત્રી નામથી મોટા પાયે બચાવ અને રાહત ઓપરેશન હાથ ધર્યું છે. આ ઓપરેશન હજુ વધારે તીવ્ર બનાવવામાં આવે તેવી શક્યતા છે.નેપાળમાં આફટરશોક્સના દોર જારી રહ્યા છે. જેથી બચાવ અને રાહત કામગીરીમાં સામેલ લોકોને તકલીફ થઈ છે. બીજી બાજુ તમામ પ્રકારની આધુનિક મશીનરીનો

ઉપયોગ કાટમાળને ખસેડી લેવા માટે હવે કરવામાં આવી રહ્યો છે. ભારતીય ટીમ નિષ્ણાંત ટીમ પણ સામેલ થયેલી છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓને ટાંકીને એક સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, નેપાળમાં મોતનો આંકડો ૫ હજારથી પણ ઉપર પહોંચી શકે છે. સત્તાવાર રીતે ઘાયલોની સંખ્યા ૬૮૩૩ ગણાવવામાં આવી છે. જોકે, આ આંકડો ખૂબ જ ઓછો હોવાનો અભિપ્રાય બચાવ કામગીરીમાં સામેલ લોકો આપી રહ્યા છે.

ભારતમાં ભૂકંપથી મૃતાંક વધીને ૭૨

નવી દિલ્હી, તા. ૨૭

નેપાળમાં વિનાશકારી ભૂંકપ બાદ પડોશી દેશો પણ અસરગ્રસ્ત થયા છે. નેપાળના પાડોશમાં આવેલા દેશોમાં પણ પ્રચંડ આંચકા આવ્યા હતા. જેમાં ભારત, ચીન, બાંગલાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. પડોશી દેશોમાં મોતનો આંકડો વદીને ૯૦ ઉપર પહોંચી ગયો છે. ભૂંકપના કારણે ભારતમાં મોતનો આંકડો ૭૨ થયો છે. જ્યારે ચીનમાં ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે નેપાળમાં ૭.૮ની તીવ્રતા સાથે પ્રચંડ આંચકો આવ્યો હતો. જેની અસર પડોશી દેશોમાં થઈ હતી. ભારતમાં સૌથી વધારે અસર થઈ હતી. નેપાળમાં ભૂકંપ બાદ સમગ્ર ઉત્તર ભારત અને ઉત્તરપૂર્વ ભારતમાં તેની માઠી અસર થઈ હતી અને તમામ રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. નેપાળમાં આંચકો આવ્યા બાદ તરત જ તેની સીધી અસર ભારતીય રાજ્યો ઉપર થઈ હતી. દિલ્હી-એનસીઆર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કમ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં પ્રચંડ આંચકો અનુભવાયો હતો. દેશના જુદા જુદા રાજ્યોમાં પણ ઈમારતો ધરાશાયી થવાની, મકાનોમાં તિરાડ પડવાની અને લોકો ઘાયલ થવાના અહેવાલ આવ્યા છે. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ તરત સક્રિય થયેલા છે. ભારતના મણિપુર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશમાં પણ તેની અસર થઈ હતી. ઉત્તર અને ઉત્તરપૂર્વીય ભારતમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. ભારતમા દરેક જગ્યાએ તીવ્રતા જુદી જુદી અનુભવાઈ હતી. દિલ્હીમાં તીવ્રતા પાંચની નોંધાઈ હતી જ્યારે બિહાર અને પશ્ચિમ બંગાળમાં તીવ્રતા વધારે નોંધાઈ હતી. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. સતત બે દિવસ સુધી ભારતમાં પણ આંચકા આવ્યા હતા.

નેપાળ ભૂકંપ : ૨૫૦૦થી વધુ લોકોને બચાવાયા

નવી દિલ્હી,તા. ૨૭

લોકસભામાં સરકારે આજે માહિતી આપી હતી કે, બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. ભૂકંપગ્રસ્ત નેપાળમાંથી ૨૫૦૦ લોકોને ખસેડી લેવાયા છે. નેપાળમાં અટવાયેલા વિદેશીઓને ફ્રી વીઝા આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ભારત આવવા ઈચ્છુક લોકોને પણ આ સુવિધા અપાશે. લોકસભામાં ભૂકંપ અંગે ચર્ચાનો જવાબ આપતાં રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતમાં પણ મોતનો આંકડો સતત વધ્યો છે. પડોશી દેશમાં બચાવ કામગીરી ચાલી રહી છે. ૧૦ એનડીઆરએફની ટીમ કાઠમાંડુમાં મોકલાઈ છે, બીજી છ મોકલવામાં આવી રહી છે. ૧૮ મેડિકલ યુનિટ પણ પહોંચી ચુકી છે. ૨૫૦ હાઈ ફ્રિકવન્સી વાયરલેસ સેટ પણ મોકલાયા છે. ૨૨ ટન અનાજનો જથ્થો પણ મોકલવામાં આવ્યો છે.

નેપાળમાં ઓપરેશન મૈત્રી જોરદાર રીતે ચાલી રહ્યું છે. આ ઉપરાંત નેપાળમાં ફસાયેલા ભારતીય લોકોને બચાવી લેવા માટેના પ્રયાસો પણ તીવ્ર બનાવી દેવામાં આવ્યા છે. નવેસરના આંચકા હજુ પણ આવી રહ્યા છે. ઈન્ડિયન એર ફોર્સદ્વારા બાળકો સહિત ભારતીય લોકોને પરત લાવવા માટે ૧૨ ઉડાંણ ભરી હતી. નેપાળમાં ખરાબ હવામાન અને પ્રતિકુળ સંજોગો હોવા છતાં આઈએએફ દ્વારા ઓપરેશન જારી રાખ્યું હતુ. ૧૨ વિમાનના રાઉન્ડ મારફતે ૧૯૩૫ યાત્રીઓને નેપાળમાંથી ખસેડી લેવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા સિતાશુ કારે કહ્યું છે કે લોકોને ખસેડી લેવામાંઆવ્યા છે. નેપાળમાં ખાસ પ્રકારથી તાલીમ પામેલા એનડીઆરએફના ૧૦૦૦ જવાનો પણ નેપાળમાં ફરજ બજાવી રહ્યા છે. હજુ નેપાળમાં હજારો ભારતીયો છે જેથી તેમને પણ લાવવામાં આવનાર છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સીતાંશુ કારે કહ્યું છે કે, મોટાપાયે બચાવ અને રાહત કામગીરી નેપાળમાં ચાલી રહી છે. બીજી બાજુ ભારતીય સંરક્ષણ દળોએ નેપાળમાં બચાવ અને રાહત કામગીરીમાં સામેલ થવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટુકડીઓ નેપાળમાં કામમાં લાગેલી છે. તપાસ, બચાવ અને માનવતાવાદી સહાય કરવામાં આવી રહી છે.નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ટીમો, મેડિકલ ટીમો, સાધનો અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડી દેવામાં આવી છે.

દિલ્હીથી લખનૌ વચ્ચે ડબલ ડેકર ટ્રેન અંતે શરૂ કરી દેવાઈ

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીથી લખનૌ વચ્ચે દોડતી ડબલડેકર એસી ચેરકાર ટ્રેન શરૂ કરી દેવાઈ છે. ગૃહમંત્રી રાજનાથસિંહ અને રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ લીલીઝંડી આપીને આ ટ્રેનને લખનૌથી રવાના કરી હતી. આ ટ્રેન સપ્તાહમાં બે વખત શુક્રવાર અને રવિવારના દિવસે દોડશે. લખનૌથી આ ટ્રેન સવારે ૫ વાગ્યે રવાના થશે.

દિલ્હીથી આ ટ્રેન બપોરે ૨.૫ મિનિટે રવાના થશે. ૮ કલાકના ગાળામાં ટ્રેન પ્રવાસ પૂર્ણ કરશે. જે સ્ટેશનો આવનાર છે તેમાં ગાઝીયાબાદ, મુરાદાબાદ અને બરેલીનો સમાવેશ થાય છે. આ ટ્રેનમાં ૧૪૪૦ યાત્રી મુસાફરી કરી શકશે. એક કોચમાં ૧૨૦ યાત્રી બેસી શકશે. દરેક કોચના લોઅર ડેકમાં ૭૦ અને અપર ડેકમાં ૫૦ યાત્રી બેસી શકશે. આના ભાડા શતાબ્દી કરતાં ઓછા રખાયા છે. શતાબ્દીમાં દિલ્હીથી લખનૌનું ભાડું ૮૭૫ રૂપિયા છે, જ્યારે આમાં ૬૪૦ રૂપિયા લાગશે. ડબલ ડેકર ટ્રેન તરીકે દેશમાં નવમી અને દિલ્હીથી ચાલનાર બીજી ટ્રેન છે. હાલમાં સરાયરોહિલ્લાથી જયપુર વચ્ચે ડબલ ડેકર ટ્રેન દોડે છે. રેલવે મંત્રી સુરેશ પ્રભુએ કહ્યું છે કે જીપીએસથી આ ટ્રેનની સ્પીડ અને લોકેશન અંગે માહિતી મેળવી શકાશે. પ્રથમ યાત્રાને લઈને કેટલાક અધિકારીઓ ભારે રોમાંચનો અનુભવ કરી રહ્યા છે. ડબલ ડેકર ટ્રેનને લઈ ઘણા સમયથી માંગ કરાઈ રહી હતી. દિલ્હીથી લખનૌ વચ્ચે ડબલ ડેકર ટ્રેન શરૂ કરાયા બાદ યાત્રીઓ વચ્ચે પણ મુસાફરી કરવાને લઈને ઉત્સુક્તા રહે તેવી શક્યતા છે.

૩૮ ભારતીય શહેર હાઈરિસ્ક ભૂકંપગ્રસ્ત ઝોનમાં : હેવાલ

નવી દિલ્હી,તા. ૨૭

નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ હાઈરીસ્ક ભૂકંપ ઝોનમાં ઘણા બધાં ભારતીય શહેરો સામેલ છે. હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરાયો છે કે, ભારતમાં ઓછામાં ઓછા ૩૮ શહેરો એવા છે જે ખૂબ જ જોખમી સેશમીક ઝોનમાં આવે છે. અહીં પ્રચંડ ભૂકંપની સંભાવના રહેલી છે. નવી દિલ્હી મેટ્રો અને અન્ય વિસ્તારોમાં હાલ એવા નિર્માણ કરાઈ રહ્યા છે જ્યાં ભૂકંપથી નુકશાનની શક્યતા ઓછી રહે છે. જોકે, ભારતના મોટાભાગના શહેરોમાં નિર્માણ કામગીરી ઝડપથી થઈ રહી છે. આવી સ્થિતિમાં ધરતીકંપથી નુકશાનનો ખતરો વદુ રહેલો છે. શનિવારના દિવસે નેપાળમાં આવેલા વિનાશકારી ભૂકંપમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ઈમારતોને ભારે નુકશાન થયું હતું. જીયોલોજીસ્ટનું કહેવું છે કે, પેટા ખંડમાં જે ચિત્ર ઉપસી રહ્યું છે તે જોતા વધુ ખતરો રહેલો છે. ભારતમાં બનેલી ખૂબ ઓછી ઈમારતો એવી છે જે ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ ક્રાઈટેરીયા ફોર અર્થક્વેક રજીસ્ટન્ટ ડિઝાઈન સાથે બંધ બેસે છે. નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભૂકંપમાં ટકી શકે તેવા ધારાધોરણ ખૂબ ઓછા પાડવામાં આવ્યા છે. જોકે, દિલ્હી મેટ્રોનું નિર્માણ ભૂકંપમાં ટકી શકે તે પ્રકારે કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ૨૦૦૧માં વિનાશક ભૂકંપ બાદ કેટલાક મકાનોનું નિર્માણ એ રીતે થયું હતું, જેના લીધે તે ભૂકંપમાં ટકી શકે છે. ૧૯૯૩ બાદથી પણ સ્થિતિમાં ફેરફાર થયો નથી. ૧૯૯૩માં મહારાષ્ટ્રના લાતુરમાં ૬.૪ની તીવ્રતાના ભૂકંપમાં ૧૦ હજાર લોકોના મોત થયા હતા.ભારત સરકારે ૩૮ શહેરોની યાદી તૈયાર કરી છે, જે શહેરો મધ્યમથી હાઈરીસ્ક સેશમીક ઝોનમાં આવે છે. આ શહેરોમાં મોટાભાગના નિર્માણ ભૂકંપમાં ટકી શકે તે પ્રકારના નથી. ભૂકંપની સ્થિતિમાં આ શહેરોમાં ભારે નુકશાનની શક્યતા છે. કોઈપણ ભારતીય મેટ્રો પોલીસ ગંભીર ભૂકંપના ઝોનમાં નથી. અલબત્ત દિલ્હી હાઈરીસ્ક સેશમીક ઝોન-૪માં આવે છે. શ્રીનગર અને ગુહાટી હાઈએસ્ટ રિસ્કઝોન-૫માં આવે છે. મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તા ઝોન-૩માં આવે છે. ઈતિહાસ ચેતવણી આપે છે કે, કોઈપણ સમયે કોઈ મોટા ભૂકંપની શક્યતા રહેલી છે. ભૂતકાળમાં બિહાર, મહારાષ્ટ્રમાં પ્રચંડ ભૂકંપ આવી ચુક્યા છે.

દિલ્હીમાં ૮૦ ટકા ઈમારત ભૂકંપમાં ટકી શકે તેમ નથી

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હી સેશમીક ઝોન-૪માં આવે છે, આવી સ્થિતિમાં ભૂકંપ આવે તો શહેરમાં ભારે નુકશાન થઈ શકે છે. જો પ્રચંડ ભૂકંપ આવે તો ૮૦ ટકા ઈમારતોને નુકશાન થઈ શકે છે અથવા તો ૮૦ ટકા ઈમારતો ભૂકંપમાં ટકી શકશે નહીં. ઈન્ડિયન એસોસીએશન ઓફ સ્ટ્રક્ચરલના પ્રમુખ મહેશ ટંડને માહિતી આપતા કહ્યું છે કે, જો સીધી રીતે લોકો ધ્યાન આપશે નહીં તો નુકશાન થવાની શક્યતા રહેલી છે.

તેમણે એમપણ કહ્યું છે કે, તમામ માળખા તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે. માળખાઓ ભૂકંપ સાથે સંબંધિત ધારાધોરણને પાળીને બનાવવામાં આવે તે જરૂરી છે. દિલ્હીમાં સુધારવામાં આવેલા ઈમારત નિર્માણના નિયમોને અમલી બનાવવામાં આવી ચુક્યા છે. પરંતુ હકીકતમાં આ પ્રકારના નિર્માણ કરવામાં આવ્યા નથી. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને સંબંધિત ઓથોરીટીને પણ ધ્યાન આપવાની જરૂર છે.

પુત્રી સારા બોલિવુડમાં હાલ એન્ટ્રી કરી રહી નથી : સચિન

નવી દિલ્હી,તા. ૨૭

મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે એવા અહેવાલને રદીયો આપ્યો છે કે તેની પુત્રી બોલીવુડની ફિલ્મોમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. હાલમાં જ એવી અફવાઓ આવી હતી કે, સચિન તેંડુલકરની પુત્રી સારા બોલીવુડ ફિલ્મોમાં એન્ટ્રી કરી રહી છે અને એક ફિલ્મમાં તે અભિનેતા શાહીદ કપુર સાથે નજરે પડનાર છે. ૧૭ વર્ષીય સારા બોલીવુડને લઈ પહેલાથી જ ઉત્સુક રહેલી છે. દરમિયાન માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પોતે પોતાની પ્રથમ ફિલ્મને લઈને ઉત્સુક છે. તેના ઉપર જ એક ફિલ્મ બની રહી છે. તેની લાઈફ પર બની રહેલી આ ફિલ્મનું શુટિંગ શરૂ કરી દેવાયું છે. માર્ચ મહિનામાં માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે મુંબઈ સ્થિત પ્રોડ્કશન કંપની દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી તેની લાઈફ પરની ફિલ્મનું નામ સુચવવા ચાહકોને આમંત્રણ આપ્યા હતા. પ્રોડ્કશન કંપની ૨૦૦ નોટઆઉટ વર્લ્ડ સ્પોર્ટ્સ ગ્રુપ સાથે સહકાર કરી રહી છે. આ કંપની બ્રાન્ડ સચિન મેનેજ કરે છે.

લંડન સ્થિત લેખક અને ફિલ્મ નિર્માતા જેમ્સ દ્વારા આ ફિલ્મનું નિર્દેશન કરવામાં આવી રહ્યું છે. ફિલ્મમાં તેની પોતાની ઉપસ્થિતિ પણ જોવા મળશે. આ ઉપરાંત પ્રોજેક્ટમાં તે અન્ય રીતે યોગદાન આપી રહ્યો છે. બીજીબાજુ સચિન તેંડુલકર પોતાની પુત્રીની બોલીવુડ કેરીયરને લઈને નારાજ દેખાઈ રહ્યો છે. આ પ્રકારની અટકળોને સચિને ફગાવી દીધી છે. સચિને કહ્યું છે કે, તેની પુત્રી શિક્ષણને આગળ વધારી રહી છે.

કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે રાહુલ તૈયાર

નવી દિલ્હી,તા. ૨૭

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી લાંબી રજા પર રહ્યા બાદ પરત ફર્યા પછી વધારે સક્રિય દેખાઇ રહ્યા છે. જેના ભાગરૂપે રાહુલ હવે પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસમાં છે. કોંગ્રેસ દ્વારા આક્રમક નિતી તૈયાર કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાહુલ ગાંધી દેશવ્યાપી પ્રવાસ કરનાર છે. લોકો સાથે સીધી રીતેં સપર્કમાં રહેવા માટે રાહુલ માટે એક વ્યાપક કાર્યક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રાહુલ એવા વિસ્તારોમાં પ્રવાસ કરનાર છે જ્યાં પાર્ટીના સલાહકારો મુજબ પક્ષની સ્થિતી ફરીવાર મજબુત બની શકે છે. રાહુલે હાલમાં કેદરાનાથમાં દર્શન કર્યા હતા. કોંગ્રેસના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રાહુલ ગાંધી ટુંક સમયમાં એક વિશાળ અને વ્યાપક જનસંપર્ક કાર્યક્રમ હાથ ધરનાર છે.

જેનાભાગરૂપે તેઓ જુદા જુદા રાજ્યોમાં જશે. આ યાત્રાનો મુખ્ય હેતુ લોકસભાની ચૂંટણી બાદ મોદી સરકારના કામકાજ સંભાળી લીધા બાદ લોકોના મુડ અને મહત્વકાંક્ષાને જાણવાનો રહેલો છે. રાહુલ ગાંધીના વ્યાપક કાર્યક્રમ માટે પહેલાથી જ નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. રાહુલ ગાંધી અને તેમની ટીમ હાલમાં ભવિષ્યની રાજનિતી અને ગતિવિધી માટે ત્રણ મુખ્ય પાસા પર ચર્ચા કરી રહી છે. જમીન સંબંધિત સંભવિત સંકટની વચ્ચે ખેડુતોની વધતી ચિંતા, શહેરી યુવાનો અને ઉદારવાદી વર્ગના લોકો મોદીથી દુર થઈ રહ્યા છે ત્યારે રાહુલ પરિસ્થિતીનો લાભ લેવા માટે તૈયાર છે.

હિન્દી ક્ષેત્રોમાં અને પશ્ચિમ મોરચા પર રાહુલ પાર્ટીને વધારે મજબુત કરવાની ઈચ્છા ધરાવે છે. ગ્રામીણ ક્ષેત્રો અને ખેડુતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. આનો મતલબ એ થયો કે રાહુલ જમીન અધિગ્રહણ બિલ જેવા મુદ્દા પર મોદી સરકારના નિર્ણયને લઈને કોંગ્રેસના વિરોધને હવા આપશે.

તહેવારની સિઝનમાં જોબનો વરસાદ થશે :હેવાલમાં દાવો

ઓક્ટોબર-ડિસેમ્બરમાં ૪.૫ લાખ નોકરીની તક

નવી દિલ્હી,તા. ૨૭

દેશમાં ઓક્ટોબર અને ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન હવે નોકરીનો વરસાદ થયા તેવી શક્યતા છે. ઈ-કોમર્સ, હોટેલ અને રીટેલ જેવા સેક્ટરોમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. આ તેજીના કારણે નોકરીમાં વધારે તક સર્જાય તેવી શક્યતા છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન નોકરીનો વરસાદ થશે. કારણ કે આ ગાળા દરમિયાન ૪.૫ લાખ નોકરીની તક સર્જાશે. ભરતી પ્રવર્તીમાં તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે બિઝનેસ ચિત્ર વધારે ગુલાબી બની રહ્યું છે. સાથે સાથે તહેવારની તેજી પણ છે. બિઝનેસને વધારવા માટે વધારાના સ્ટાફને રાખવાની કવાયત હાલ ચાલી રહી છે. તહેવારની સિઝન દરમિયાન ભરતીની પ્રક્રિયામાં ૫-૧૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. ઈ-કોમર્સ, હોટેલ અને રીટેલ ઈન્ડસ્ટ્રીઝમાં તેજી આવી રહી છે જેથી ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળા દરમિયાન પાંચ લાખ નવી નોકરીની તક સર્જાઈ શકે છે. ઈન્ડિયન સ્ટાફિંગ ફેડરેશનના કારોબારી ડિરેક્ટર સુચિતા દત્તે કહ્યું છે કે તેજી દેખાઈ રહી છે. કેટલીક સંસ્થાઓ દ્વારા પણ આવી જ પ્રતિક્રિયા આપવામાં આવી છે. ઐતિહાસિકરીતે પણ તહેવારની સિઝનમાં સામાન્યરીતે નોકરીમાં વધારો થઈ જાય છે.

મેટ્રો અને કોસ્મો શહેરોમાં પણ એકમાત્ર રિટેલ સેક્ટરમાં ૨૫૦૦૦ નોકરીની તક સર્જાઈ શકે છે. ભારતમાં હમેંશા તહેવાર રહે છે. હવે દશેરા, દિવાળી અને ત્યારબાદ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. આ તમામ મહિનાઓ દરમિયાન ગ્રાહકો દ્વારા ખરીદી વધી જાય છે. લોકો દ્વારા તહેવારમાં વધારે ખરીદી કરે છે. મંદીના માહોલમાં પણ તહેવાર આવતા ખરીદી સ્વાભાવિકરીતે વધી જાય છે. કસ્ટમર સર્વિસ દ્વારા નિષ્ણાંતોની મદદ પણ આ ગાળા દરમિયાન લેવામાં આવે છે.

અંકુશ રેખા ઉપર વધુ જવાનો તૈનાત થયા

જમ્મુ, તા. ૨૭

અંકુશ રેખા ઉપર વધુ સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવનાર છે. સરહદી ઘુસણખોરીને રોકવા અને આતંકવાદી ગતિવિધિને રોકવાના હેતુસર આ પ્રયાસ કરવામાં આવનાર છે. ટોપ આર્મી કમાન્ડરે માહિતી આપતાં કહ્યું છે કે, બરફ ઓગળવાની શરૂઆત થશે ત્યારે આતંકવાદી ગતિવિધિ એકાએક વધી જાય છે. આતંકવાદીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસ કરવામાં આવે છે. આ જ કારણસર એલઓસી ઉપર વધુ સંખ્યામાં સૈનિકો ગોઠવવામાં આવનાર છે. જનરલ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ લેફ્ટી જનરલ ડીએસ હુડાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, સરહદ પારથી કોઈપણ આતંકવાદી ગતિવિધિને રોકવા માટે અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. બરફ ઓગળવાની શરૂઆત થાય છે ત્યારે દર વખતે આતંકવાદી ગતિવિધિ વધી જાય છે. ત્રાસવાદીઓ આ પ્રકારની સ્થિતિનો લાભ લઈ ઘુસણખોરી કરવા માટે પ્રયાસ કરે છે. હુડાએ કહ્યું હતું કે, અંકુશ રેખા ઉપર સૈનિકોની જમાવટને વધારવામાં આવી છે. આ ઉપરાંત જે વાડને નુકશાન થયું છે. તે વાડને પણ રીપેર કરવામાં આવશે.

કટ્ટરપંથી લીડર અબુ બાકર બગડાડીના મોતના હેવાલ

તહેરાન,તા. ૨૭

સિરિયા અને ઈરાકમાં અનેક ભાગોમાં પ્રભુત્વ જમાવનાર અને ખતરનાક ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટને મોટો ફટકો પડ્યો છે. કારણ કે ત્રાસવાદી લીડર અબુ બાકર અલ બગડાડીનુ મોત થયુ હોવાના હેવાલ મળ્યા છે. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા ટ્વીટ કરીને આ મુજબની વાત કરવામા આવી છે. રેડિયો ઈરાન દ્વારા કરવામાં આવેલા મોતના દાવાને ટાંકીને આ મુજબની વાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાર્ડિયન રિપોર્ટમાં હાલમાં કહેવામાં આવ્યુ હતું કે

બગડાડીને માર્ચ મહિનામાં અમેરિકાના નેતૃત્વમાં ગઠબંધન સેના દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં ગંભીરરીતે ઈજા થઈ હતી. ત્યારબાદ તે ગુમરીતે સારવાર લઈ રહ્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બગડાડી આઈએસના દરેરોજના ઓપરેશન પર છેલ્લા કેટલાક સમયથી કન્ટ્રોલ ધરાવતો ન હતો. જો કે ગયા વર્ષે પણ તે ગંભીરરીતે ઘાયલ થયો હોવાના હેવાલ આવ્યા હતા. ગયા વર્ષે જુન મહિનામાં ઈરાક અને સિરિયામાં આ સંગઠનના ત્રાસવાદીઓએ અનેક મોટા હુમલા કર્યા હતા. અબુ બાકર બગડાડીની હાજરીમાં ત્રાસવાદી સંગઠનમા સામેલ લોકોનો ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. જો તેના મોતના અહેવાલને સમર્થન મળશે તો આ સંગઠનને મરણતોળ ફટકો પડશે. કારણ કે તે ખુબ ખતરનાક માસ્ટરમાઈન્ડ તરીકે હતો. તેની ગતિવિધી વિશ્વના દેશોના લોકોને હેરાન કરી રહી હતી. અમેરિકાએ કેટલીક વખત તેના અડ્ડાને ટાર્ગેટ બનાવીને હવાઈ હુમ